# કવિ રામચંદ્ર અને કવિ સાગરચંદ્ર

સોલંકી યુગના સંસ્કૃત વાઙ્મયકારોમાં નિર્ગ્રન્થદર્શન—શ્વેતાંબર આમ્નાય—ના રામચંદ્ર નામક બે, તેમ જ સાગરચંદ્ર નામના કેટલાક કવિ-મુનિવરો થઈ ગયા છે. આથી અલગ, પણ એક નામધારી આ કર્ત્તાઓની કૃતિઓ અને કાળ વિશે સાંપ્રતકાલીન લેખનોમાં સંભ્રમ વરતાય છે. પ્રસ્તુત કર્ત્તાઓની નિર્ણીત થયેલ પિછાન તેમ જ સમય-વિનિશ્ચય વિશે એ કારણસર પુનરવલોકન થવું જરૂરી બને છે.

### કવિ રામચંદ્ર

'રામચંદ્ર' અભિધાન ધરાવતા એક તો છે સિદ્ધરાજ-કુમારપાલકાલીન, સુપ્રસિદ્ધ પૂર્ણતલ્લગચ્છીય હેમચંદ્રાચાર્યના શિષ્ય. એમની સ્તુતિઓ, પ્રબંધો, નાટકો, આદિ અનેક ઉચ્ચ કોટીની રચનાઓના સંદર્ભો મળે છે, અને તેમાંની કેટલીક તો આજે ઉપલબ્ધ પણ છે[૧]. મુદ્રિત કૃતિઓમાં **જૈન સ્તોત્ર સંદોહ** (પ્રથમ ભાગ)[૨] અંતર્ગત પ્રકટ થયેલી ૧૦ દ્વાત્રિંશિકાઓ, એક ચતુર્વિંશતિકા, અને ૧૭ ષોડશિકાઓ[૩] પ્રસ્તુત પંડિત રામચંદ્રની છે તેવો સંપાદક (સ્વ૦) મુનિરાજ ચતુરવિજયજીનો અભિપ્રાય છે[૪]; જો કે ચતુરવિજયજીની જ વિશેષ નોંધ અનુસાર (સ્વ૦) મુનિરાજ શ્રી કલ્યાણવિજયજીના મતે તેના કર્ત્તા બીજા જ રામચંદ્ર—બૃહદ્‌ગચ્છીય વાદીન્દ્ર દેવસૂરિના પ્રશિષ્ય—છે[૫]. પંડિત અંબાલાલ પ્રેમચંદ શાહ પણ દ્વાત્રિંશિકાઓ બૃહદ્‌ગચ્છીય રામચંદ્ર સૂરિની માને છે[૬]. જ્યારે ત્રિપુટી મહારાજ આ સંબંધમાં ચતુરવિજયજી જેવો મત ધરાવે છે[૭]. આથી આ બે નિર્ણયોમાંથી કયો સાચો તેનો નિશ્ચય થવો ઘટે.

ચતુરવિજયજી પોતે પહોંચેલ નિષ્કર્ષના સમર્થનમાં (૧૭ માંથી ૧૬) ષોડશિકાઓમાં મળતા સમાન અને સૂચક પ્રાંત-પદ્ય પ્રતિ ધ્યાન દોરે છે : પ્રસ્તુત પદ્ય આ પ્રમાણે છે :

स्वामिन्ननन्तफलकल्पतरोऽभिराम-
चन्द्रावदातचरिताञ्चितविश्वचक्र ! ।
शक्रस्तुताङ्घ्रिसरसीरुह ! दुःस्यसार्थे
देव ! प्रसीद करुणां कुरु देहि दृष्टम् ॥

આ પદ્યના અંતિમ ચરણમાં કર્ત્તાનું 'રામચંદ્ર' અભિધાન હોવા ઉપરાંત તેમાં દૃષ્ટિ—ત્રિપુટી મહારાજના મતે (શ્લેષથી ?) દિવ્યદૃષ્ટિ—પ્રાપ્ત કરવાની આર્જવભરી યાચના વ્યક્ત થયેલી છે, જે તેમના પ્રજ્ઞાચક્ષુ હોવાના તર્ક તરફ ખેંચી જાય છે. રાજગચ્છીય પ્રભાચંદ્રાચાર્યના **પ્રભાવકચરિત** (સં૦ ૧૩૩૪ / ઈ૦ સ૦ ૧૨૭૮) તથા નાગેન્દ્રગચ્છીય મેરુતુંગાચાર્યના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રબંધચિંતામણિ**(સં૦ ૧૩૬૧ / ઈ૦ સ૦ ૧૩૦૫)માં[૮] આચાર્ય હેમચંદ્રના શિષ્ય રામચંદ્રનું એક લોચન ગયાની અનુશ્રુતિ નોંધાયેલી છે[૯], જે લક્ષમાં લેતાં સંદર્ભસૂચિત સ્તુતિઓના કર્તા તે જ રામચંદ્ર હોવા ઘટે તેવું ચતુરવિજયજીનું કથન છે[૧૦].

બીજી બાજુ કલ્યાણવિજયજીએ પોતાની ધારણા પાછળ શું યુક્તિઓ પ્રસ્તુત કરેલી તેનો નિર્દેશ ચતુરવિજયજી મહારાજે દીધો નથી; કે કયા લેખમાં સ્વર્ગીય મુનિશ્રીએ પોતાનો એ અભિપ્રાય પ્રકટ કરેલો, તે વિશે પણ તેમણે જણાવ્યું ન હોઈ તે સંબંધમાં તાત્કાલિક તો કંઈ કહી શકાય તેમ નથી[૧૧]. પણ હું માનું છું કે બૃહદ્ગચ્છને વિધિચૈત્ય રૂપે સમર્પિત સોલંકી સમ્રાટ કુમારપાળ કારિત જાબાલિપુર(જાલોર)ના કાંચનગિરિગઢ પરના જિન પાર્શ્વનાથના કુમારવિહારના (સં૦ ૧૨૬૪ / ઈ૦ સ૦ ૧૨૦૮ના) લેખમાં ધ્વજ-દંડની પ્રતિષ્ઠા કરનાર મુનિ રામચંદ્રના ઉલ્લેખ પરથી[૧૨], તેમ જ સંદર્ભગત દ્વાત્રિંશિકાઓ માંહેની કેટલીકના આંતર-પરીક્ષણ પરથી તેઓ આવા નિષ્કર્ષ તરફ પહોંચ્યા હોય.

મુનિ રામચંદ્રની સંદર્ભસૂચિત સ્તુતિ-કાવ્ય કૃતિઓ તપાસી જોતાં મારો ઝુકાવ કલ્યાણવિજયજીએ કરેલ નિર્ણય તેમ જ પં૦ અંબાલાલ પ્રેમચંદ શાહના મત તરફ ઢળે છે : કારણો આ પ્રમાણે છે.

(૧) ૧૦ દ્વાત્રિંશિકાઓમાંથી ૬ જિન પાર્શ્વનાથને ઉદ્દેશીને રચાયેલી છે અને તે સૌમાં સ્પષ્ટ રૂપે જાબાલિપુરના કાંચનગિરિ-સ્થિત પાર્શ્વનાથ ઉલ્લિખિત વા વિવક્ષિત છે : એટલું જ નહીં, એકમાં તો પ્રસ્તુત જિનનો પ્રાસાદ ત્યાં કુમારપાળે બંધાવ્યાનો પણ ઉલ્લેખ છે : આ સંબંધના સ્પષ્ટ સંદર્ભો નીચે મુજબ છે.

> उत्तप्तजात्यतपनीयविनिद्रभद्रपीठप्रतिष्ठितविनीलतनुः सभायाम् ।
> **चामीकराद्रिशिखर**स्थितनीलरत्नसापत्नकं दधदयं जयताज्जिनेन्द्रः ॥८॥
>
> **पार्श्वप्रभोः** परिलसत्पुरतस्तमांसि तद्धर्मचक्रमचिरान्मुकुलीकरोतु ।
> प्राच्यचलेन्द्रशिखरस्य पुरस्सरं यद् बिम्बं विडम्बयति वारिजबान्धवस्य ॥१३॥
>
> देवः सदा सिततनुः सुमनोजनानां पौरन्दरद्विरदवत् प्रमदं प्रदत्ताम् ।
> **स्वर्णाचले** कलयति स्म कलां यदीयालानस्य मन्दिरमदः सहिरण्यकुम्भम् ॥२१॥
>
> **कल्याणभूधरविभूषण** ! तीर्थलक्ष्मीमल्लीमयैकमुकुटे शशिशुभ्रधाम्नि ।
> कृष्णाभ्रकप्रियसखीं द्युतिमुद्वहन् वस्तीर्थङ्करः सकलमङ्गलकेलयेऽस्तु ॥३१॥

**—उपमाभिः जिनस्तुतिद्वात्रिंशिका**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पादौ तवाऽऽसाद्य गुरो ! क्षमाभृतां विश्वं मनो मे न तृणाय मन्यते ।
उत्तुङ्ग**धात्रीधर**शृङ्गसङ्गतः सर्वं हि खर्वं मनुतेतरां न कः ? ॥८॥

लोकोत्तरः कोऽप्यसि देवदेव ! तत् कस्ते महिम्नः कलने प्रगल्भताम् ।
को वा दवीयःस्थमहामहीधरोत्सेधं परिच्छेत्तुमतुच्छसाहसः ॥२०॥

**—दृष्टान्तगर्भस्तुतिद्वात्रिंशिका**

स्वर्ण**क्षोणीधरवरशिरःशेखर** ! **श्रीजिनेश** !
व्यक्तं सेयं परमहिमता काचिदुज्जृम्भते वः ।
पुंसां पादास्थितिसमुचिता यत्तडागापगाम्भः-
सम्भाराणां परमहिमता स्यादनुद्वेगहेतुः ॥२१॥

**—प्रसादद्वात्रिंशिका**

एकातपत्रामिव शासनस्य लक्ष्मीं दधानः **फणभृत्फणाभिः** ।
आरुढ **'जाबालि'पुराद्रि**हस्ती श्रियेऽस्तु वः **पार्श्वजिनाधिराजः** ॥१॥

महीभृतोऽमुष्य महाप्रभावः प्रासादवर्यस्तिलकीभवंस्ते
नेत्रातिगे मेरुगिरौ व्यनक्ति युक्तं **सुवर्णाचल**राजलक्ष्मीम् ॥३॥

द्युलोकलक्ष्मीप्रणयं परत्र कल्याणमत्रापि च दातुकामः ।
शङ्के प्रभोऽभ्रंलिहचारुचूलं **चामीकरक्ष्माधरम**ध्यरोहः ॥६॥

जिनाधिनाथ ! प्रतिमा यथा ते कल्याणजन्माकरतां दधाति ।
**चामीकराद्रि**प्रतिमस्तथैष मन्येऽस्ति **जाबालिपुराचलो**ऽपि ॥११॥

श्री**अश्वसेनक्षितिभृत्कुमार** ! **सुवर्णधात्रीधरमौलिरत्न** ! ।
अमोघवाचस्तव पार्थिवत्त्वं सम्प्रत्यनन्यप्रतिमं चकास्ति ॥१३॥

**—भक्त्यतिशयद्वात्रिंशिका**

**सुवर्णशैलः** किल नायमत्र ते जिनेन्द्र ! नैतद् भवनं च निर्मलम् ।
असौ **कुमारक्षितिभृद्**शोङ्कुरः शुभैककन्दादभु(दु) दगादपि त्वतः ॥१२॥

**—अपह्नुतिद्वात्रिंशिका**

येन **काञ्चनगिरौ** विनिर्ममे शासनोन्नतिवधूकरग्रहः
युक्तमेतदथवा कुमारतां बिभ्रतां खलु भुजङ्गसङ्गिनाम् ॥४॥

यः स्वयं दधदनश्वरात्मतामिष्टसिद्धिघटनामिषुः सताम् ।
अध्युवास **कनकाद्रि**चूलिकां शैलवासरतयो हि योगिनः ॥१८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यं प्रभुं समधिगम्य धारयत्युच्चकैः **कनकभूधरः** शिरः ।
कंः क्षितौ सकलकाङ्क्षितप्रदं प्राप्य रत्नमथवा न दृप्यति ? ॥२४॥

यः **सुवर्णगिरि**विस्फुरत्यदस्तत्प्रकाशयति वृत्तमात्मनः ।
कस्य गोप्रकटितप्रभावतः श्लोकसिद्धिरुदयं न याति वा ? ॥२७॥

भारतीं यदुपदेशपेशलामर्थसिद्धिमनुधावति ध्रुवम् ।
**काञ्चनाचल**कलामुपेयुषां सिद्धयो हि वृषलीसमाः सताम् ॥२८॥

**—अर्थान्तरन्यासद्वात्रिंशिका**

આ સૌ પદ્યોમાં કાંચનગિરિનો નિર્દેશ એકવિધતા ટાળવા અને છંદમેળ જાળવવા વિવિધ પર્યાયો દ્વારા કર્યો છે. આવી વિશિષ્ટ અને સૂચક સ્તુતિઓની રચના તો જેને જાબાલિપુર-પાર્શ્વનાથ પર ખાસ મમતા અને ભક્તિભાવ રહ્યાં હોય તેવી વ્યક્તિ જ કોઈ કરી શકે. આ કારણસર તેના રચયિતા અણહિલ્લપત્તન-સ્થિત પૂર્ણતલ્લગચ્છના પંડિત રામચંદ્ર હોય તેના કરતાં જાબાલિપુર સાથે સંકળાયેલ બૃહદ્ગચ્છીય મુનિ રામચંદ્ર હોય તેવી સંભાવના વિશેષ સયુક્ત, બલવત્તર, અને સ્વાભાવિક જણાય છે. આખરે કુમારપાળે પ્રસ્તુત જિનાલય વાદિ દેવસૂરિના ગચ્છને સમર્પિત કરેલું તે વાત પણ સ્મરણમાં રાખવી ઘટે. (મંદિર મૂળે સં૰ ૧૨૧૧ / ઈ૰ સ૰ ૧૧૬૫માં બનેલું. તેનો સં૰ ૧૨૪૨માં પુનરુદ્ધાર થયેલો; સં૰ ૧૨૫૬ / ઈ૰ સ૰ ૧૨૦૦માં તોરણાદિની પ્રતિષ્ઠા થયેલ અને સં૰ ૧૨૬૮ / ઈ૰ સ૰ ૧૨૧૨માં સંદર્ભગત રામચંદ્રાચાર્ય દ્વારા સુવર્ણ કલશારોપણ-પ્રતિષ્ઠા થયેલ[૧૩].)

(૨) કવિના અંધત્વના વિષયમાં ષોડશિકાઓ અતિરિક્ત "ઉપમાભિ : દ્વાત્રિંશિકા"-કે જે કાંચનગિરિ-પાર્શ્વનાથ સંબદ્ધ છે[૧૪], તેમાં પ્રાંતપદ્યમાં "જન્માંધ" કવિએ (આંતરદૃષ્ટિથી) નિરખેલ જિનના રૂપનો કરુણ અંતઃસ્ફુટ અને હૃદયસ્પર્શી શબ્દોમાં ઉલ્લેખ છે : યથા :

जन्मान्धेनाऽमृतकर इव त्वं मया नाथ ! दृष्टो
दुःस्थेन स्वर्विटपिन इव प्रापि ते पादसेवा ।
तन्मे प्रीत्यै भव सुरभिवत् पञ्चमोद्दामगत्या
तन्वानस्य श्रुतिमधुमुचं कोकिलस्येव वाचम् ॥३२॥

**—उपमाभिः जिनस्तुतिद्वात्रिंशिका**

આ મહત્ત્વપૂર્ણ સ્વ-સંબદ્ધ ઉલ્લેખ પરથી તો સ્પષ્ટ થાય છે કે જાબાલિપુર સાથે સંકળાયેલ બૃહદ્ગચ્છીય રામચંદ્ર મુનિ "અંધ"હતા, શ્રીપત્તનના પૂર્ણતલ્લગચ્છીય રામચંદ્ર અંધ વા અર્ધાંધ થયાનું તો લાગતું નથી ! મને તો લાગે છે કે પ્રભાવકચરિતકારે તેમ જ પ્રબંધચિંતામણિકારે નામસામ્યથી બૃહદ્ગચ્છીય પૂર્ણદેવ-શિષ્ય રામચંદ્રને વિશેષ પ્રસિદ્ધ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હેમચંદ્ર-શિષ્ય રામચંદ્ર માની લઈ, એમણે એક લોચન ગુમાવ્યાનું કહી, અને એ રીતે એમને અર્ધું અંધત્વ અર્પી, પ્રસ્તુત અંધત્વનો ખુલાસો કરવા એક દંતકથા ઘડી કાઢી છે, યા તો આવી ભ્રાંતિયુક્ત લોકોક્તિ એમના સમયમાં જૈન વિદ્વદ્ સમાજમાં પ્રચારમાં હોય અને તેની તેમણે માત્ર નોંધ લીધી હોય[૧૫]. જાબાલિપુરવાળા રામચંદ્રની સ્તુતિઓ, રસ, ભાવ, પ્રસાદ અને ઓજની દૃષ્ટિએ અણહિલ્લપત્તનના સુવિખ્યાત પંડિત રામચંદ્રના **કુમારવિહારશતક** સરખી કૃતિઓથી જરાયે ઊતરે તેમ નથી. આમ સંસ્કૃત ભાષા પર સમાન પ્રભુત્વ તેમ જ સમકક્ષ કવિતાસામર્થ્ય ધરાવનાર, અને સમયની દૃષ્ટિએ બહુ દૂર નહીં એવા, બે રામચંદ્ર કવિવરોનું પૃથક્ત્વ પ્રભાચંદ્રાચાર્ય તથા મેરુતુંગાચાર્યના ધ્યાનમાં ન આવ્યું હોય તો તે સમજી શકાય તેવું છે[૧૬].

જાલોરના કુમારવિહારના સં૦ ૧૨૬૮ના, તેમ જ સુંધા પહાડી(સુગંધાદ્રિ)ના સં૦ ૧૩૧૮ / ઈ૦ સ૦ ૧૨૬૨ના અભિલેખના આધારે[૧૭], જયમંગલસૂરિના અપભ્રંશમાં રચાયેલા **મહાવીરજન્માભિષેક** કિંવા **મહાવીરકલશ**ના પ્રાંતપદ્ય અનુસાર[૧૮], એવં મુનિ સોમચંદ્રની **વૃત્તરત્નાકરવૃત્તિ** (સં૦ ૧૩૨૯ / ઈ૦ સ૦ ૧૨૭૩)[૧૯] અન્વયે, તેમ જ જયમંગલાચાર્યના એક અન્ય શિષ્ય અમરચંદ્રના પ્રશિષ્ય જ્ઞાનકલશના **સંદેહસમુચ્ચય**ના આધારે[૨૦] બૃહદ્ગચ્છીય મુનિ રામચંદ્રની પરંપરા આ પ્રમાણે નિશ્ચિત બને છે :

**વાદીન્દ્ર દેવસૂરિ** (દીક્ષા-પર્યાય : ઈ૦ સ૦ ૧૦૯૬-૧૧૭૦)
|
**પૂર્ણદેવસૂરિ** (ઉપલબ્ધ મિતિ : જાલોર અભિલેખ : સં૦ ૧૨૪૨ / ઈ૦ સ૦ ૧૧૮૬)
|
**રામચંદ્રાચાર્ય** (ઉપલબ્ધ મિતિ : જાલોર અભિલેખ : સં૦ ૧૨૬૮ / ઈ૦ સ૦ ૧૨૧૨)
|
**જયમંગલાચાર્ય** (ઉપલબ્ધ મિતિ : સુગન્ધાદ્રિ (સુંધા પહાડી) અભિલેખ : સં૦ ૧૩૧૮ / ઈ૦ સ૦ ૧૨૬૨)

| | |
|---|---|
| અમરચંદ્ર | સોમચંદ્ર (ઉપલબ્ધ : **વૃત્તરત્નાકરવૃત્તિ** સં૦ ૧૩૨૯ / ઈ૦ સં૦ ૧૨૭૩) |
| \| | \| |
| ધર્મઘોષ | \| |
| \| | \| |
| ધર્મતિલક | જ્ઞાનકલશ **સંદેહ સમુચ્ચય** (ઈ૦ સ૦ ૧૪મી શતાબ્દી મધ્યાહ્ન) |

ઉપર્યુક્ત રામચંદ્રાચાર્યની પરંપરામાં આવતા તેમના શિષ્ય જયમંગલાચાર્ય પણ જબરા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કવિ હતા. એમણે સંસ્કૃતમાં **કવિશિક્ષા** નામક કાવ્યશાસ્ત્રનો ગદ્યમય લઘુગ્રંથ, **ભટ્ટિકાવ્ય** પર **વૃત્તિ**, જાબાલિપુરના ચાહમાન રાજા ચાચિગદેવની ઉપર કથિત સુંધા ટેકરી પરની પ્રશસ્તિ, અને અપભ્રંશમાં **મહાવીરજન્માભિષેક** નામક ૧૮ કડીનું કાવ્ય રચ્યું છે[૨૧]. આ જયમંગલાચાર્યના સમય વિશે પણ ભ્રમ પ્રવર્તે છે. એમને બધાં જ પ્રમાણોની વિરુદ્ધ જઈ જયસિંહદેવ સિદ્ધરાજના સમકાલિક માની લેવામાં આવ્યા છે[૨૨]. મેરુતુંગાચાર્યના **પ્રબંધચિંતામણિ**માં સહસ્રલિંગ-તટાક સંબંધમાં એમના નામથી ઉટ્ટંકિત એક પ્રશંસાત્મક પદ્ય પરથી[૨૩] એમ ધારી લેવામાં આવ્યું હોય તેમ જણાય છે : પણ પ્રબંધકારો ગમે તે કાળ અને ગમે તે કર્તાની કૃતિનાં પદ્યો ઉઠાવી, પ્રસંગાનુસાર ગમે તેના મુખમાં, કે પ્રાપ્ત પરિસ્થિતિ અનુકૂળ ગમે તે સંદર્ભમાં ગોઠવી દેતા હોવાના પણ દાખલાઓ મળતા હોઈ (કેટલાક તો **પ્રબંધચિંતામણિ**માં જ છે !) મેરુતુંગાચાર્યે જે પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત પદ્ય ગોઠવ્યું છે તે પ્રમાણભૂત છે તેમ છાતી ઠોકીને કોઈ કહી શકે તેમ નથી ! સિદ્ધરાજના કાળમાં કોઈ બીજા જ જયમંગલાચાર્ય થયા હોય તો તેમનો અન્ય ઉપલબ્ધ કોઈ સ્રોતમાં ઈશારો સરખો પણ મળતો નથી. આ વાત લક્ષમાં લેતાં જયમંગલાચાર્ય સિદ્ધરાજકાલીન હોવાનું કહી શકાય તેમ નથી. સિદ્ધસરોવર સંબંધની કારિકાના રચયિતા કદાચ તેઓ ન પણ હોય; કદાચ હેમચંદ્ર-શિષ્ય રામચંદ્ર પણ હોઈ શકે, કેમકે પાટણથી તેઓ ખૂબ પરિચિત હતા[૨૪]. અથવા તે જયમંગલાચાર્યની રચેલી હોય તો તે જયમંગલાચાર્ય બૃહદ્‌ગચ્છીય હોવા જોઈએ અને તેઓએ તે પોતાના જ કાળમાં, એટલે કે ૧૩મી શતાબ્દીના ત્રીજા ચરણમાં રચી હોવાનું માનવું જોઈએ. સંપ્રાપ્ત પ્રમાણો જોતાં તો એક જ જયમંગલાચાર્યના અસ્તિત્વ વિશે વિનિશ્ચય થઈ શકે છે.

ઉપર ચર્ચિત જયમંગલાચાર્યના શિષ્યે **વૃત્તરત્નાકર** પર **વૃત્તિ** રચી છે, જેનો ઉલ્લેખ આગળ થઈ ગયો છે; અને પછી તેમનાથી ચોથી પેઢીએ થયેલ જ્ઞાનકલશે **સંદેહસમુચ્ચય** ગ્રંથની રચના કરી છે. આમ રામચંદ્રાચાર્ય, તેમના શિષ્ય જયમંગલાચાર્ય, પ્રશિષ્ય સોમચંદ્ર, અને એથીયે આગળ જ્ઞાનકલશ એમ સૌ સંસ્કૃત ભાષા અને સરસ્વતીના પરમ ઉપાસકો રૂપે, એક ઉદાત્ત, વ્યુત્પન્ન, અને વિદ્વદ્ મુનિ-પરંપરાનાં સદસ્યો રૂપે રજૂ થાય છે.

## કવિ સાગરચંદ્ર

(અજ્ઞાતગચ્છીય) ગોવિંદસૂરિ-શિષ્ય વર્ધમાનસૂરિના **ગણરત્નમહોદધિ**(સં૰ ૧૧૯૭ / ઈ૰ સ૰ ૧૧૪૧)માં કવિ સાગરચંદ્રનાં થોડાંક પદ્યો અવતારેલાં છે[૨૫], જેમાંના બે'એક જયસિંહદેવ સિદ્ધરાજની પ્રશંસારૂપે છે. આ સાગરચંદ્ર આથી સિદ્ધરાજના સમકાલીન ઠરે છે. સિદ્ધરાજના માલવવિજય (આ૰ ઈ૰ સ૰ ૧૧૩૭) પશ્ચાત્ તુરતમાં જ એને બિરદાવતી જે કાવ્યોક્તિઓ રચાઈ હશે તેમાં આ સાગરચંદ્રની પણ રચના હશે તેમ જણાય છે. આથી તેઓ ઈસ્વીસન્‌ના ૧૨મા શતકના દ્વિતીય ચરણમાં સક્રિય હોવાનું સુનિશ્ચિતપણે માની શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમની ગુરુપરંપરા વિશે પ્રસ્તુત **ગણરત્નમહોદધિ** કે અન્ય પટ્ટાવલિઓમાંથી કશું જાણી શકાતું નથી. બીજી બાજુ રાજગચ્છીય કવિવર માણિક્યચંદ્રસૂરિ પોતાના ગુરુ રૂપે 'સાગરેન્દુ-(સાગરચંદ્ર)'નું નામ આપે છે. આથી કેટલાક વિદ્વાનો સિદ્ધરાજ સમયના સાગરચંદ્ર અને રાજગચ્છીય સાગરચંદ્રને એક જ વ્યક્તિ માને છે[૨૬]. આવી સંભાવના તો માણિક્યચંદ્રસૂરિના સમયની સાનુકૂળ અને સુનિશ્ચિત પૂર્વ તેમ જ ઉત્તર સીમા પર અવલંબિત રહે. પણ માણિક્યચંદ્રના મુનિજીવનનો સમયપટ કેવડો હતો ?

માણિક્યચંદ્ર અને વસ્તુપાલનું સમકાલત્વ સૂચવતા બે પ્રબંધો જુદા જુદા મધ્યકાલીન પ્રબંધ સમુચ્ચય ગ્રંથો પરથી **પુરાતનપ્રબંધસંગ્રહ**માં (સ્વ૰) મુનિશ્રી જિનવિજયજીએ સંકલિત કરેલા છે[૨૭]. તેમાંનો એક પ્રબંધ, જે "B" સંગ્રહમાંથી લીધો છે, તેની પ્રત ૧૬મી શતાબ્દીની છે[૨૮]. જ્યારે "G" સંગ્રહ મૂળ ૧૪મી શતાબ્દીના ઉત્તરાર્ધમાં સંકલિત થયેલો[૨૯]. (જો કે ભોગીલાલ સાંડેસરા આ પ્રબંધોને (નાગેન્દ્રગચ્છીય ઉદયપ્રભવિનેય) જિનભદ્રની સં૰ ૧૨૯૦ / ઈ૰ સ૰ ૧૨૩૪માં રચાયેલ **નાનાકથાનકપ્રબંધાવલિ**નો ભાગ માને છે[૩૦], પણ હસ્તપ્રતો સંબદ્ધ જે તથ્યો મુનિજીએ નોંધ્યાં છે તે જોતાં તો તેવું કહી શકાય તેવી સ્થિતિ નથી. જિનભદ્રવાળા પ્રાકૃત પ્રબંધોમાંથી કેટલાંક "P" સમુચ્ચયમાં (અલબત્ત સંસ્કૃત ભાષામાં રૂપાંતરિત થઈને) સમાવિષ્ટ થયા હશે, જેમકે ત્યાં પ્રતમાં જ એક સ્થળે જિનભદ્રની પુષ્પિકા સંકલિત છે; અને આ "ઝ" પ્રતમાં તો માણિક્યસૂરિ-વસ્તુપાલ સંબદ્ધ કોઈ જ પ્રસંગ નોંધાયો નથી. છતાં ઉપર કહેલ અન્ય પ્રબંધો, જે ઈસ્વીસન્‌ના ૧૪મા શતક જેટલા તો પુરાણા જણાય છે, તેમાં વર્ણવેલ માણિક્યચંદ્ર-વસ્તુપાલ સંબદ્ધ પ્રસંગો શ્રદ્ધેય જણાય છે. અને એથી માણિક્યચંદ્રસૂરિ તથા મહામાત્ય વસ્તુપાલ સમકાલિક હોવાની વાતમાં સંદેહ નથી.

માણિક્યચંદ્રસૂરિની **પાર્શ્વનાથચરિત્ર**ની રચનામિતિ સં૰ ૧૨૭૬ / ઈ૰ સ૰ ૧૨૨૦ની હોઈ ઉપરની વાતને સમર્થન મળી રહે છે[૩૧]. પણ જો તેમ જ હોય તો તેમના ગુરુ સાગરચંદ્ર સિદ્ધરાજના સમકાલીન નહીં પણ અજયપાળ-ભીમદેવ(દ્વિતીય)ના સમકાલીન હોવાનો સંભવ માની શકાય. બીજી બાજુ જોઈએ તો માણિક્યચંદ્રની એક અન્ય સુપ્રસિદ્ધ કૃતિ—મમ્મટના **કાવ્યપ્રકાશ** પરની **સંકેત** નામની એમની **ટીકા**—અંતર્ગત દીધેલ રચનાનું વર્ષ સંદિગ્ધ છે. 'ગણિતશબ્દ' કિંવા 'શબ્દાંક'માં પ્રસ્તુત મિતિ "રસ-વક્ત્ર-રવિ" એ રીતે વ્યક્ત થયેલી છે. ત્યાં રવિ (૧૨) અને રસ (૬) વિશે તો કોઈ સંશય-સ્થિતિ નથી; પણ "વક્ત્ર"થી ક્યો અંક ગ્રહણ કરવો તે વાત વિવાદાસ્પદ બની છે. આ સમસ્યાના ઉકેલમાં ભોગીલાલ સાંડેસરા, તેમ જ (સ્વ૰) રસિકલાલ પરીખ વચ્ચે અભિપ્રાયભેદ છે. ડૉ૰ સાંડેસરા 'વક્ત્ર'થી ચાર (બ્રહ્માના 'ચાર'મુખ) કે છ (સ્કંદ-કુમારના "છ" મોઢાં) એમ બેમાંથી ગમે તે એક અંક લેવાનું પસંદ કરે છે[૩૨]. (શિવ "પંચવક્ત્ર" હોઈ, વક્ત્રથી પાંચનો આંકડો પણ નિર્દિષ્ટ બને ખરો.) જ્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સ્વ૰) પરીખને 'વક્ત્ર'થી એકનો અંક સૂચિત હોવાનું અભિપ્રેત છે[૩૩]. બન્નેએ પોતાના અર્થઘટનના સમર્થનમાં દલીલો રજૂ કરી છે[૩૪]. 'વક્ત્ર'ને એકાંક માનવાથી નિષ્પન્ન થતા સં૰ ૧૨૧૬ / ઈ૰ સ૰ ૧૧૬૦ વર્ષથી ફાયદો એ છે કે માણિક્યચંદ્રના ગુરુ સાગરચંદ્ર એ મિતિથી એક પેઢી પૂર્વના હોઈ સિદ્ધરાજના સમકાલીન બની શકે છે; અને એથી **ગણરત્નમહોદધિ**માં ઉદ્ધારેલ એમની ઉક્તિઓ કાળના ચોગઠામાં બરોબર ગોઠવાઈ જાય છે; પણ તેમાં આપત્તિ એ છે કે ઈ૰ સ૰ ૧૧૬૦માં પ્રૌઢ સંસ્કૃત ગ્રંથની રચના કરનાર માણિક્યચંદ્રની ઉંમર મંત્રીશ્વર વસ્તુપાલના સમયમાં, ઈ૰ સ૰ ૧૨૨૦-૧૨૩૯ના ગાળામાં, કેવડી હોય ? માણિક્યચંદ્ર ૧૧૬૦માં ત્રીસ આસપાસના હોય તો ઈસ્વી ૧૨૩૦માં તેઓ પૂરા સો વર્ષના હોય ! માણિક્યચંદ્રને (જેમ ડૉ૰ પરીખે માન્યું છે તેમ) અતિ દીર્ઘાયુષી માનીએ તો પણ આપત્તિ તો એ છે કે માણિક્યચંદ્રથી ચોથી પેઢીએ થયેલા વિદ્યાપૂર્વજ ભરતેશ્વરસૂરિના સાધર્મા વાદીન્દ્ર ધર્મસૂરિ ચાહમાનરાજ અર્ણોરાજ-વિગ્રહરાજના સમકાલીન છે; અને એ કારણસર તેઓ સિદ્ધરાજ-કુમારપાળના પણ સમકાલીન છે ! આથી ડૉ૰ પરીખની વાત માનીએ તો માણિક્યચંદ્રના ગુરુ સાગરચંદ્ર અને એમની ચોથી પેઢીએ થયેલા પૂર્વજ ભરતેશ્વરસૂરિ એમ બન્ને મુનિવરો સિદ્ધરાજના સમકાલિક થાય ! (જુઓ અહીં રાજગચ્છનું વંશવૃક્ષ). આ વાત સંભવિત નથી, અને ડૉ૰ સાંડેસરાએ જે વર્ષ સૂચવ્યું છે તે જ યથાર્થતાની સમીપ જણાય છે. 'વક્ત્ર' સૂચિત અંકમિતિને યથાર્થ રીતે ઘટાવતાં વહેલામાં વહેલી સં૰ ૧૨૪૬ / ઈ૰ સ૰ ૧૧૯૦, અને મોડામાં મોડી સં૰ ૧૨૬૬ / ઈ૰ સ૰ ૧૨૧૦ હોય તેમ જણાય છે. માણિક્યચંદ્રનું વસ્તુપાલ મંત્રી સાથેનું સમકાલિકત્વ જોતાં **કાવ્યશિક્ષા**ને સં૰ ૧૨૬૬ / ઈ૰ સ૰ ૧૨૧૦માં મૂકવી વધારે ઠીક લાગે છે.

આ કારણસર માણિક્યચંદ્રના ગુરુ સાગરચંદ્ર તે **ગણરત્નમહોદધિ** (ઈ૰ સ૰ ૧૧૪૧) કથિત સાગરચંદ્ર ન હોઈ શકે. તો પછી આ પહેલાં, સિદ્ધરાજકાલીન, સાગરચંદ્ર કોણ ?

એનો ઉત્તર ઈસ્વીસન્‌ના ૧૪મા શતકમાં રચાયેલા **ચતુરશીતિપ્રબંધ** અંતર્ગત "કુમારપાલદેવ-પ્રબંધ" (પ્રતિલિપિ ઈસ્વીસન્ ૧૫મા શતકનો પૂર્વાર્ધ) માંથી મળે છે[૩૫]. તેમાં કહ્યું છે કે (પૂર્ણતલ્લગચ્છીય કલિકાલ સર્વજ્ઞ) હેમચંદ્રાચાર્યને એક સાગરચંદ્ર નામક રૂપવાન્ વિદ્વાન્ શિષ્ય હતા. રાજાએ (કુમારપાળે, વારસહીન હોવાથી)[૩૬] આચાર્ય પાસે રાજ્યાર્થે એમને સોંપી દેવાની માગણી કરી. આચાર્યે આ માગણીને સર્વથા અનુચિત કહી તેનો અસ્વીકાર કર્યો. સાગરચંદ્રે ક્રિયાગુપ્તક **ચતુર્વિંશતિ-નમસ્કારસ્તવ**ની રચના કરેલી જેનો સંધ્યા-પ્રતિક્રમણ સમયે પાઠ કર્યો; જે સાંભળી રાજાએ (કુમારપાળે) ઉદ્‌ગાર કાઢ્યા "અહો કવિતા ! અહો રૂપ !"[૩૭]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## રાજગચ્છ-પટ્ટાવલિ

- પ્રદ્યુમ્નસૂરિ (દિગંબરજેતા)
  - તર્કપંચાનન અભયદેવસૂરિ (**વાદમહાર્ણવ**ના કર્ત્તા)
    - વાદિ ધનેશ્વરસૂરિ (પરમાર મુંજ અને ભોજના સમકાલિક)
      - અજિતસિંહસૂરિ
        - વર્ધમાનસૂરિ
          - વાદીન્દ્ર ધર્મસૂરિ (ચાહમાન અર્ણોરાજ-વિગ્રહરાજના સમકાલિક આ૦ ઈ૦ સ૦ ૧૧૨૦-૧૧૮૦)
          - શ્રીચંદ્રસૂરિ
            - પદ્મદેવ
            - જિનદત્ત
            - જિનેશ્વરસૂરિ
              - પૂર્ણભદ્રસૂરિ
                - ચન્દ્રપ્રભસૂરિ
                  - પ્રભાચંદ્રાચાર્ય (**પ્રભાવકચરિત** સં૦ ૧૩૩૪ / ઈ૦ સ૦ ૧૨૭૮)
          - શીલભદ્રસૂરિ
            - ભરતેશ્વરસૂરિ
              - વૈરસ્વામિ
                - નેમિચંદ્ર
                  - સાગરચંદ્ર
                    - માણિક્યચંદ્ર (**પાર્શ્વનાથચરિત્ર** સં૦ ૧૩૩૪ / ઈ૦ સ૦ ૧૨૨૦)
          - દેવચંદ્રસૂરિ
            - ચંદ્રપ્રભસૂરિ
              - ભદ્રેશ્વરસૂરિ
                - અજિતસિંહસૂરિ
                  - દેવભદ્ર
                    - સિદ્ધસેન (**તત્ત્વજ્ઞાનવિકાસિની** સં૦ ૧૨૭૮ / ઈ૦ સ૦ ૧૨૨૨)
                - હરિભદ્રાચાર્ય

(પદ્મદેવ અને જિનદત્તની રેખાઓ જિનેશ્વરસૂરિની રેખા સાથે જોડાઈ પૂર્ણભદ્રસૂરિ સુધી જાય છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ઘટના અલબત્ત કલ્પિત હોઈ શકે છે; પણ એથી એટલું તો સ્પષ્ટ થાય છે કે હેમચંદ્રાચાર્યને સાગરચંદ્ર નામક કવિ-શિષ્ય હતા. પૂર્ણતલ્લગચ્છની પરિપાટીમાં ૧૧મા શતકના ઉત્તરાર્ધથી તો ચંદ્રાન્ત નામો ખાસ કરીને રખાતા. જેમકે હેમચંદ્રાચાર્યના ગુરુનું નામ દેવચંદ્ર, અને જ્યેષ્ઠ ગુરુબંધુનું નામ અશોકચંદ્ર હતું. હેમચંદ્રાચાર્યના પોતાના શિષ્યોમાં રામચંદ્ર, બાલચંદ્ર, યશશ્ચન્દ્ર, અને ઉદયચંદ્ર નામો જાણીતાં છે[૩૮]. આ સિલસિલામાં તેમના એકાદ અન્ય જ્યેષ્ઠ શિષ્યનું નામ સાગરચંદ્ર હોય તો તેમાં આશ્ચર્ય કે સંદેહને અવકાશ નથી. આ વજનદાર સંભવિતતા લક્ષમાં રાખતાં, અને સમયફલક તરફ નજર કરતાં, હેમચંદ્ર-શિષ્ય સાગરચંદ્રની ઉક્તિઓ **ગણરત્નમહોદધિ**(ઈ૰ સ૰ ૧૧૪૧)માં નોંધાઈ શકે; પણ રાજગચ્છીય માણિક્યચંદ્રના ગુરુ સાગરચંદ્ર એમના સમયના ૪૦-૫૦ વર્ષ બાદ થયા જણાય છે[૩૯]; અને એથી તેઓ નામેરી, પણ જુદા જ ગચ્છના, અલગ જ મુનિ છે. આ બન્ને એક નામધારી પણ લગભગ અર્ધી સદીના અંતરે થયેલા સાગરચંદ્રો વચ્ચે સાંપ્રત વિદ્વદ્‌જનોના લેખનોથી ઉપસ્થિત થયેલ ભ્રાંતિ આથી દૂર થાય છે.

**ટિપ્પણો :**

૧. જેમકે **કુમારવિહારશતક** (કાવ્ય), ધોળકાની ઉદયનવિહાર-પ્રશસ્તિ (અભિલેખન), **મલ્લિકામકરંદપ્રકરણ** ઇત્યાદિ. વિસ્તૃત નોંધ માટે જુઓ ચતુરવિજયજી પૃ૰ ૪૬-૪૭; તથા મોહનલાલ દલીચંદ દેશાઈ, **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**, મુંબઈ ૧૯૩૨, પૃ૰ ૩૨૩-૩૨૫; તથા અંબાલાલ પ્રેમચંદ શાહ, "ભાષા અને સાહિત્ય", **ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ**, ગ્રંથ ૪, સોલંકીકાલ, સંશોધન ગ્રંથમાલા-ગ્રંથાંક ૬૯, અમદાવાદ ૧૯૭૬, પૃ૰ ૨૮૯.

૨. જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથાવલિ, પ્રથમ પુષ્પ, અમદાવાદ ૧૯૩૨.

૩. એજન, પૃ૰ ૧૩૦-૧૮૯.

૪. એજન, પ્રસ્તાવના, પૃ૰ ૪૯.

૫. એજન, પૃ૰ ૪૮.

૬. **જૈનતીર્થ સર્વસંગ્રહ**-ભાગ પહેલો, ખંડ બીજો, શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ ૧૯૫૩, પૃ૰ ૧૮૯. પં૰ શાહ પ્રસ્તુત દ્વાત્રિંશિકાને માટે ૭ નો આંકડો આપે છે.

૭. **જૈન પરંપરાનો ઇતિહાસ**, ભાગ બીજો, શ્રી ચારિત્રસ્મારક ગ્રંથમાળા ગ્રં૰ ૫૪, અમદાવાદ ૧૯૬૦, પૃ૰ ૬૧૯-૬૨૧.

૮. સં૰ જિનવિજય મુનિ, સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક ૧૩, અમદાવાદ-કલકત્તા ૧૯૪૦, તથા ગ્રંથાંક ૧, શાંતિનિકેતન ૧૯૩૩.

૯. એજન, પૃ૰ ૬૪. જયસિંહે સિદ્ધરાજે મહાકવિ શ્રીપાલ રચિત "સહસ્રલિંગ તટાક પ્રશસ્તિ"ના સંશોધન માટે બોલાવેલા પંડિત પરિષદમાં પં૰ રામચંદ્રે પ્રસ્તુત રચનામાં દોષો બતાવેલા. ચરિતકાર તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રબંધકારના કહેવા પ્રમાણે આ કારણસર રાજાની મીઠી નજર રામચંદ્ર પર પડવાથી, ઉપાશ્રયે આવ્યા બાદ, સૂરિના જમણા લોચનમાં પીડા ઊપડી અને અંતે તેમની નેત્રદીપ્તિ નષ્ટ થઈ.

૧૦. ચતુરવિજયજી, પૃ૦ ૪૯.

૧૧. (સ્વ૦) મુનિ કલ્યાણવિજયજીનાં જુદા જુદા સામયિકોમાં વિખરાયેલા લેખો એકત્ર કરી છપાવવા જરૂરી છે. અહીં વારાણસીમાં મારી પાસે તેમનું લખેલું કેટલુંક સાહિત્ય ઉપસ્થિત છે, કેટલુંક નથી.

૧૨. સં૦ જિનવિજય, **પ્રાચીન જૈન લેખ સંગ્રહ** (ભાગ બીજો), પ્રવર્તક કાંતિવિજયજી જૈન ઇતિહાસ ગ્રંથમાળા પુષ્પ છઠ્ઠું, શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર ૧૯૨૧, પૃ૦ ૨૧૧, લેખાંક ૩૫૨.

૧૩. જિનવિજય, પ્રાચીન૦, પૃ૦ ૨૧૧.

૧૪. સાંપ્રત લેખમાં પાછળ મૂળ પદ્ય ઉદ્ધૃત થયું છે.

૧૫. પ્રબંધકારો પંડિત રામચંદ્રનું જમણું લોચન ગયાની જ વાત કરે છે. અંધ થયા તેવું કહેતા નથી. કવિતાઓમાં તો સ્પષ્ટપણે અંધત્વ ઉલ્લિખિત હોઈ, તેમાં દૃષ્ટિદાનની અભ્યર્થના વ્યક્ત થઈ હોઈ, તે વાત કંઈ જુદી જ, અને એથી જુદા જ રામચંદ્ર અનુષંગે છે તેમ માનવું ઘટે.

૧૬. પંડિત રામચંદ્રની અણહિલ્લપત્તનના કુમારવિહાર અનુલક્ષે રચાયેલ **કુમારવિહારશતક** તથા ધોળકાની ઉદયનવિહારપ્રશસ્તિની શૈલીને મુનિ રામચંદ્રની દ્વાત્રિંશિકાઓ, ષોડશિકાઓ સાથે સરખાવતાં થોડુંક શૈલીગત ને થોડુંક સમયગત વૈભિન્ય વરતાય છે.

૧૭. F. Keilhorn, "The Cahmanas of Naddula", *cf.* Sundha Hill Inscription of Cacigadeva; [Vikrama] Samvat 1319' *Epigraphia Indica,* Vol. IX-1907-08, p. 79.

૧૮. H. R. Kapadia, *Descriptive Catalogue of the Government Collections of Manuscripts Library,* Vol. XVII, Pt. IV, Bhandarkar Oriental Research Institute, Poona 1948, pp. 216-217; તથા Catalogue of Sanskrit and Prakrit Manuscripts : Muniraja Sri Punyavijayaji's Collection, Part II, L. D. Series No. 5, *Ed.* Ambalal P. Shah, Ahmedabad 1965, p. 362.

કાપડિયાએ જયમંગલસૂરિને સ્થાને "મંગલસૂરિ"વાંચ્યું છે. પણ કર્ત્તાએ સોળમી કડીમાં "જયઈ મંગલસૂરિ બુલ્લઈ"એમ સ્પષ્ટ નોંધ્યું છે.

૧૯. *Catalogue of Sanskrit and Prakrit Manuscripts,* Ac. Vijayadevasuri's and Ac. Ksantisuri's Collections, Part IV, L. D. Series No. 20 Ed. Pt. Ambalal P. Shah, Ahmedabad 1968, p. 95.

૨૦. *Catalogue of Sanskrit and Prakrit Manuscripts* : Muniraj Sri Punyavijayaji's Collections, Part I, L. D. Series No 2, *Ed.* Pt. Ambalal P. Shah, Ahmedabad 1962, p. 182.

૨૧. વિગત માટે જુઓ પાદટીપ ૧૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૨. જુઓ મો૦ દ૦ દેશાઈ, **જૈન સાહિત્યનો૦**, પૃ૦ ૨૫૩, તથા દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી **ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ**, સંશોધન ગ્રંથમાળા, ગ્રંથાંક ૪૧મો, સંસ્કરણ ૨જું, અમદાવાદ ૧૯૫૩, પૃ૦ ૩૦૭. શાસ્ત્રીજી નોંધે છે : "...વાગ્ભટ કવિએ **વાગ્ભટાલંકાર** તથા જયમંગલાચાર્યે **કવિશિક્ષા** નામના ગ્રંથો સિદ્ધરાજના રાજ્યકાળમાં રચ્યા છે." (જયમંગલાચાર્યના સંદર્ભમાં આમ કહેવા માટે એમનો આધાર એમણે ટાંકેલ "પીટર્સનનો રિપોર્ટ ૧૮૮૨-૮૩, પૃ૦ ૮૦, ભૂમિકા પૃ૦ ૩૧ હોય તેમ જણાય છે) આ સિવાય જુઓ હરિપ્રસાદ ગં૦ શાસ્ત્રી, "સોલંકી રાજ્યની જાહોજલાલી", **ગુજરાતનો રાજકીય૦**, પ્રકરણ ૪, પૃ૦ ૫૬.

૨૩. अथ कदाचिद्राज्ञा ग्रथिलाचार्या **जयमङ्गलसूरयः** पुरवर्णनं पृष्टा ऊचुः-
एतस्यास्य पुरस्य पौरवनिताचातुर्यतानिर्जिता,
मन्ये हन्त सरस्वती जडतया नीरं वहन्ती स्थिता ।
कीर्तिस्तम्भमिषोच्चदण्डरुचिरामुत्सृज्य बाहोर्बलात्-
तन्त्रीकां गुरुसिद्धभूपतिसरस्तुम्बां निजां कच्छपीम् ॥
(જિનવિજયજી, પૃ૦ ૬૩)

૨૪. સિદ્ધરાજ સંબંધી તેમના કોઈ કાવ્યમાં વા અન્ય કોઈ કૃતિમાં હોય.

૨૫. મો દ૦ દેશાઈ, **જૈન સાહિત્યનો૦**, પૃ૦ ૨૫૫માં દેશાઈ સૂચવે છે કે "મુનિરત્નસૂરિના અમમચરિત્રની પ્રથમાદર્શપ્રત લખનાર સાગરચંદ્ર તે જ આ હોય" (એજન, પાદટીપ ૨૮૮.) આ વાત સંભવિત નથી. **અમમચરિત્ર**નો રચનાકાળ સં૦ ૧૨૫૨ / ઈ૦ સ૦ ૧૧૯૬ છે. જ્યારે સાગરચંદ્રની ઉક્તિઓ તો તેનાથી ૫૫ વર્ષ પૂર્વે રચાઈ ગયેલા વર્ધમાનસૂરિના **ગણરત્નમહોદધિ**માં મળે છે. વધુમાં વધુ તેમને રાજગચ્છીય માણિક્યચંદ્રના ગુરુ માની શકાય, પણ તે શક્યતા મને તો લાગતી નથી. આ કોઈ ત્રીજા જ સાગરચંદ્ર જણાય છે.

૨૬. અંબાલાલ પ્રેમચંદ શાહ, "ભાષા અને સાહિત્ય", ગુજરાતનો રાજકીય૦, પ્ર૦ ૧૨. પૃ૦ ૨૯૭.

૨૭. સં૦ જિનવિજય મુનિ, સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક ૨, કલકત્તા ૧૯૩૬, પૃ૦ ૭૬-૭૭.

૨૮. એજન. જુઓ ત્યાં "પ્રાસ્તાવિક વક્તવ્ય", પૃ૦ ૧૦-૧૧.

૨૯. એજન, પૃ૦ ૧૮-૧૯.

30. *Literary Circle of Mahamatya Vastupala,* Shri Bahadur Singh Singhi Memories Volume No. 3, Bombay 1953, pp. 72, 81, and 144-145.

૩૧. મો૦ દ૦ દેશાઈ, **જૈન સાહિત્યનો૦**, પૃ૦ ૩૯૨. **પ્રવચનસારોદ્ધારવૃત્તિ** સં૦ ૧૨૯૫ / ઈ૦ સ૦ ૧૨૩૯માં માણિક્યસૂરિના વચનથી લખવામાં આવી તેની નોંધ મળે છે. મિતિ જોતાં આ માણિક્યસૂરિ પ્રસ્તુત માણિક્યચંદ્રસૂરિ જ જણાય છે. (જુઓ-*New Catalogue of Sanskrit and Prakrit Manuscripts Jesalmer Collection,* L. D. Series 36, Col. Muni Shri Punyavijayaji, Ahmedabad 1972, p. 71.

૩૨. *Literary Circle.,* pp. 79-81.

૩૩. *Kāvyaprakāśa of Mammata,* Part second, "Introduction", Rajasthan Puratana



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Granthamala, No. 47, Jodhpur 1959, pp. 12-13.

૩૪. એજન.

૩૫. સં૰ આચાર્ય જિનવિજય મુનિ, સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક ૪૧, મુંબઈ ૧૯૫૬, "નરવર્મપ્રબંધ", પૃ૰ ૧૧૨-૧૧૭.

૩૬. એજન. ત્યાં કુમારપાળના પુત્ર નૃપસિંહના મરણની વાત કહી છે જે અન્યત્ર ક્યાંય નોંધાયેલી નથી.

૩૭. એજન. આ સ્તોત્ર મળી આવ્યું છે અને **નિર્ગ્રન્થ** અંક ૩(અમદાવાદ ૨૦૦૧)માં જિતેન્દ્ર શાહ અને મારા દ્વારા સંપાદિત થયું છે.

૩૮. **દ્રવ્યાલંકારટીકા** (સં૰ ૧૨૦૨ / ઈ૰ સ૰ ૧૧૪૬) અને વિવૃત્તિ સહિતના **નાટ્યદર્પણ**માં પં૰ રામચંદ્રના સહલેખક રૂપે જે ગુણચંદ્ર આવે છે તે રામચંદ્રના ગુરુબંધુ છે કે તેમના પોતાના શિષ્ય તે વાત ચોક્કસ નથી. સં૰ ૧૨૪૧ / ઈ૰ સ૰ ૧૧૮૫માં પૂર્ણ થયેલ સોમપ્રભાચાર્યના **જિનધર્મપ્રતિબોધ**ના પ્રથમ શ્રવણ વખતે આ ગુણચંદ્ર ગણિ ઉપસ્થિત હતા.

૩૯. આ ઉપરથી તો નિઃશંક નિશ્ચય થાય છે કે માણિક્યચંદ્ર વિરચિત **સંકેત**નો સમય ઈ૰ સ૰ ૧૧૬૦ હોવો અસંભવિત છે. ઈ૰ સ૰ ૧૨૩૯માં પણ માણિક્યસૂરિની વિદ્યમાનતા હોવા વિશે અગાઉ અહીં નોંધાઈ ગયું છે.

**વિશેષ નોંધ** : ઉપર્યુક્ત લેખ પ્રગટ થઈ ગયા બાદ સાંપ્રત લેખક અને શ્રી જિતન્દ્ર શાહ દ્વારા **નિર્ગ્રન્થ** ૩ (૨૦૦૧)માં એક સાગરચંદ્રનું 'ક્રિયાગર્ભિત ચતુર્વિંશતિસ્તવ' સંપાદિત કરવામાં આવ્યું છે, જેમાં તેના કર્તા ઉપરકથિત હેમચંદ્રશિષ્ય સાગરચંદ્ર હોવાનું નિશ્ચિત કર્યું છે. પ્રસ્તુત લેખ આ સંકલનમાં પૃ૰ ૨૪૫-૨૫૨ પર સમાવિષ્ટ કરેલો છે.

• • •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org